## તંત્રી સ્થાનેથી......

૭૬,૦૧૫ મેગાવોટની સ્થાપિત જૂથ ક્ષમતા સાથે ભારતની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ પાવર યુટિલિટી એનટીપીસી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૨૪ મે, ૨૦૨૪ના રોજ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. એનટીપીસી ગ્રૂપે નાણાકીય વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીનું સૌથી વધુ વાર્ષિક વીજ ઉત્પાદન ૪૨૨ અબજ યુનિટ નોંધાવ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૩૯૯ અબજ યુનિટ હતું, જે ૬ ટકાનો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં એનટીપીસીનું સ્ટેન્ડઅલોન ગ્રોસ જનરેશન ૩૬૨ અબજ યુનિટ હતું, જે અગાઉના વર્ષની ૩૪૪અબજ યુનિટની સરખામણીએ ૫ ટકા વધ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન એનટીપીસીના કોલસા સ્ટેશનોએ રાષ્ટ્રીય સરેરાશ ૬૯.૪૯ ટકા તુલનાએ ૭૭.૨૫ ટકા પ્લાન્ટ લોડ ફેક્ટર હાંસલ કર્યું છે. સ્ટેન્ડઅલોન ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે એનટીપીસીની કુલ આવક ૧,૬૫,૭૦૭ કરોડ હતી, જે અગાઉના વર્ષની કુલ આવક ૧,૬૭,૭૨૪કરોડ હતી. નાણાકીય વર્ષ ૨૪ માટે કરવેરા પછીનો નફો હતો ૧૮,૦૭૯ કરોડ રૂપિયા જેની સામે નાણાકીય વર્ષ ૨૩માં ૧૭,૧૯૭ કરોડ રૂપિયા હતો, જે ૫%નો વધારો દર્શાવે છે. કોન્સોલિડેટેડ ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ગ્રૂપની કુલ આવક ૧,૮૧,૧૬૬ કરોડ હતી, જે અગાઉના વર્ષની કુલ આવક ૧,૭૭,૯૭૭ કરોડ હતી, જે ૨ ટકાનો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે જૂથનો કરવેરા પછીનો નફો હતો ૨૧,૩૩૨ કરોડ, જે અગાઉના વર્ષના પીએટી ૧૭,૧૨૧ કરોડ હતો જે ૨૪.૬૦ ટકાનો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૪ માટે બોર્ડે આગામી વાર્ષિક સાધારણ સભામાં શેરધારકોની મંજૂરીને આધિન પ્રતિ ઈક્વિટી શેર ૩.૨૫ અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. નવેમ્બર ૨૦૨૩ અને ફેબ્રુઆરી ૨૦૨૪ના મહિનામાં રોકાણકારોને ઈક્વિટી શેર દીઠ ૪.૫૦ પ્રતિ ઈક્વિટી શેર વચગાળાનું ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું છે. વર્ષ દરમિયાન કુલ ડિવિડન્ડ ૭.૭૫ પ્રતિ ઈક્વિટી શેર હશે, જ્યારે ગત વર્ષે ૭.૨૫ પ્રતિ ઈક્વિટી શેર હતું. કંપની દ્વારા ડિવિડન્ડ ચુકવણીનું આ સતત ૩૧મું વર્ષ છે.

# સુરત મહાનગરપાલિકાના સફાઈ કર્મચારી પર એક શખ્સે નશાની હાલતમાં હુમલો કર્યો



સુરત, તા. ૨૫

સુરત મહાનગર-પાલિકાના એક સફાઈ કર્મચારી ઉપર એક શખ્સે નશાની હાલતમાં હુમલો કર્યો હતો. મહાનગરપાલિકાના સફાઈ કર્મચારી પોતાના ભેસ્તાન વિસ્તારમાં સફાઈ કરી રહ્યો હતો તે દરમિયાન તેના વિસ્તારના એક શખ્સે નશાની હાલતમાં ત્યાં આવીને બોલાચાલી કરવા લાગ્યો હતો અને ત્યારબાદ ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં પ્રવેશ કરી તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો, જેથી સફાઈ કામદારને જમણા હાથની કોણીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ભેસ્તાન વિસ્તારમાં ફરજ બજાવતા મનપાના સફાઈ કર્મચારી રાબેતા મુજબ તેમના વિસ્તારમાં સફાઈ કરવા ગયા હતા, તે દરમિયાન ત્યાં હાજર એક શખ્સ સાથે સામાન્ય બોલાચાલી થઈ હતી, જેમાં મામલો ઉગ્ર બન્યો હતો, ત્યારબાદ ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં પ્રવેશ કરી તીક્?ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. સફાઈ કામદારને જમણા હાથના કોણીના ભાગે ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત કર્મચારી પ્રકાશ સન્યાસીએ કહ્યું કે, હું સફાઈ કામદાર છું. છેલ્લા ૩ દિવસ બાદ કામ પર હાજર થયો હતો. કોઈ પંડિત નામના શખ્સે બોલાચાલી કરી અપશબ્દો કહેતા કચરાની ગાડી વાળો જતો રહ્યો હતો ત્યારે મને કહેવા લાગ્યો કે તમે હરામનો પગાર લો છો. પરંતુ હું મારા અધિકારીને ફોન કરતા ત્યાંથી નીકળીને ઓફિસ જતો રહ્યો હતો. પરંતુ ઓફિસમાં ચપ્પુ લઈને આવી ગયો અને મારા પર હુમલો કર્યો હતો. જેથી મને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ આવવામાં આવ્યો હતો. ભેસ્તાન આવાસમાં આવેલી ઓફિસમાં ઘુસીને હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે અધિકારીએ કહ્યું કે, જો આ રીતે ઓફિસમાં ઘુસીને હુમલાઓ થતાં રહેશે તો કર્મચારીઓને કામ કરવું પણ મુશ્કેલ થઈ જશે. મોટી સંખ્યામાં કામદારો પાલિકામાં સેવા આપી રહ્યાં છે. ત્યારે તેમને આ રીતની કનડગત થાય તે યોગ્ય નથી. તેને રક્ષણ મળવું જોઈએ.

# પશ્ચિમ બંગાળમાં છઠ્ઠા તબક્કાના મતદાનના થોડા કલાકો પહેલા બે પક્ષો વચ્ચે હિંસા, પૂર્વ મિદનાપુરમાં એક ટીએમસી કાર્યકરની હત્યા

મહિષાદલ,તા. ૨૫

ફરી એક વખત પશ્ચિમ બંગાળમાં છઠ્ઠા તબક્કાના મતદાનના થોડા કલાકો પહેલા ભાજપ અને ટીએમસી વચ્ચે ઘર્ષણના બે અલગ-અલગ કિસ્સા બન્યા હતા, પૂર્વ મિદનાપુરમાં એક ટીએમસી કાર્યકરની હત્યા કરી દેવામાં આવી અને અન્ય એક ટીએમસી કાર્યકર ગંભીર રીતે ઘાયલ થઈ ગયો. પ્રથમ ઘટના પૂર્વ મિદનાપુરના મહિષાદલની છે જ્યારે બીજી ઘટના પણ પૂર્વ મિદનાપુરની છે. શુક્રવારે રાત્રે અહીંના બકચા વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના



કાર્યકરો વચ્ચે જોરદાર અથડામણ થઈ.

પશ્ચિમ બંગાળમાં મતદાનની એક રાત પહેલા એટલે કે શુક્રવારની રાત્રે ૨૪ મે ૨૦૨૪ની રાતે પૂર્વ મિદનાપુર જિલ્લાના મહિષાદલમાં તૃણમૂલ કોંગ્રેસના એક નેતાની હત્યા કરી દેવામાં આવી. એવો આરોપ છે કે ભાજપના કાર્યકર્તાઓએ તેમની હત્યા કરી છે. મૃતક નેતાની ઓળખ શેખ મૈબુલ તરીકે થઈ છે. તેઓ ગ્રામ પંચાયતના પૂર્વ સભ્ય હતા. તૃણમૂલ કોંગ્રેસનું કહેવું છે કે મૈબુલ શુક્રવારે રાત્રે લગભગ ૧૧ વાગે પાર્ટી કાર્યકરને ઉતાર્યા બાદ બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો.

આ ઘટના બાબતે મળતી માહિતી મુજબ હુમલાખોરોએ તેમના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો અને ઘણા વાર કર્યા. તેમનું મોત થઈ ગયા પછી આરોપીઓએ તેમની લાશ તળાવમાં ફેંકી દીધી. જ્યારે કેટલાક લોકોને આ વાતની જાણ થઈ તો તેઓએ લાશને બહાર કાઢીને હોસ્પિટલ લઈ ગયા, પરંતુ ડોક્ટરોએ મૈબુલને મૃત જાહેર કર્યો. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ મામલે મહિષાદલ પોલીસે ભાજપના ૫ કાર્યકરોની ધરપકડ કરી લીધી છે.

શુક્રવારે રાત્રે પૂર્વ મિદનાપુરના બકચા વિસ્તારમાં તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે જોરદાર અથડામણ થઈ, જેમાં અનંત બિજલી નામનો તૃણમૂલ કોંગ્રેસ કાર્યકર ગંભીર રીતે ઘાયલ થયો છે. તૃણમૂલનો આરોપ છે કે પીડિતને લોખંડના સળિયા અને ડંડાથી માર મારવામાં આવ્યો છે. તેને લોહી નીકળતી હાલતમાં મૈના આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યો, ત્યાંથી તેને તામલુક જિલ્લા હોસ્પિટલમાં રિફર કરી દેવામાં આવ્યો. જણાવવામાં આવી રહ્યું છે કે યુવકની હાલત નાજુક છે, ૨૫મી મેના રોજ છઠ્ઠા તબક્કા માટે મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૫૮ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. દિલ્હીની ૭, ઉત્તર પ્રદેશની ૧૪, બિહારની ૮, પશ્ચિમ બંગાળની ૮, હરિયાણાની ૧૦, ઝારખંડની ૪, ઓડિશાની ૬ અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન થઈ રહ્યું છે. તમામ સ્થળોએ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જો કે બંગાળની આ બે ઘટનાઓએ સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા કર્યા છે.

# મોડાસામાં જલારામ વાત્સલ્ય સેવા ગ્રુપ દ્વારા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું

ધાર્મિક ભટ્ટ



અરવલ્લીના મોડાસામાં સેવાભાવિ સંસ્થા જલારામ વાત્સલ્યસેવા ગ્રુપ દ્વારા ચાલી રહેલી સેવાકીય પ્રવૃતિઓ થી ગરમીમાં પશુ પંખી ને પાણી માટે કુંડા વિતરણ મોડાસા તેમજ ભમરેચી કંપામાં કરવામાં આવ્યું. જલારામ વાત્સલ્ય સેવા અલકાબેન પંડ્યા દ્વારા છેલ્લા ૧૪ વર્ષથી પછાત ગરીબ વિસ્તારના બાળકોને વૃદ્ધો માટે પશુ પક્ષીઓ માટે સારવારનું કામ કરી રહેલ છે.

# બંગાળની ખાડીમાં આવનારા ચક્રવાતની તૈયારીની સમીક્ષા કરવા માટે રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ (એનસીએમસી)ની બેઠક મળી



બંગાળની ખાડીમાં આવી રહેલા ચક્રવાતની તૈયારીની સમીક્ષા કરવા માટે કેબિનેટ સચિવ શ્રી રાજીવ ગૌબાની અધ્યક્ષતામાં આજે રાષ્ટ્રીય કટોકટી વ્યવસ્થાપન સમિતિ (એનસીએમસી)ની બેઠક મળી હતી. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના ડાયરેક્ટર જનરલે સમિતિને મધ્ય બંગાળની ખાડી, ખેપુપારા (બાંગ્લાદેશ)થી લગભગ ૮૦૦ કિમી દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ અને કેનિંગ (પશ્ચિમ બંગાળ)થી ૮૧૦ કિમી દક્ષિણમાં ડિપ્રેશનની વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપી હતી. તે ૨૫ મી મેની રાત સુધીમાં ઉત્તર-પૂર્વ તરફ આગળ વધે અને તીવ્ર ચક્રવાતી તોફાનમાં વધુ તીવ્ર બને તેવી સંભાવના છે. ત્યારબાદ તે લગભગ ઉત્તર તરફ આગળ વધશે અને ૨૬ મેની મધ્યરાત્રિથી ૧૧૦-૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા ૧૧૦-૧૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સાથે ૨૬ મેની મધ્યરાત્રિએ સાગર ટાપુ અને ખેપુપારા વચ્ચે બાંગ્લાદેશ અને તેની આસપાસના પશ્ચિમ બંગાળના દરિયાકાંઠેથી પસાર થવાની સંભાવના છે. પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવે સમિતિને ચક્રવાતી તોફાનના અપેક્ષિત માર્ગમાં વસ્તીની સુરક્ષા માટે લેવામાં આવી રહેલા પ્રારંભિક પગલાં અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવતા પગલાઓની જાણકારી આપી હતી. માછીમારોને દરિયો ન ખેડવાનું કહેવામાં આવ્યું છે અને દરિયામાં રહેલા લોકોને સલામત બર્થ પર બોલાવવામાં આવ્યા છે. જિલ્લા કંટ્રોલ રૂમ પણ સક્રિય થઈ ગયા છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. પુરતા આશ્રય સ્થાનો, વીજ પુરવઠો, દવા અને ઈમરજન્સી સેવાઓને સજ્જ રાખવામાં આવી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)એ ૧૨ ટીમો તૈનાત કરી છે અને ૫ વધારાની ટીમોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. જહાજો અને વિમાનોની સાથે આર્મી, નેવી અને કોસ્ટગાર્ડની બચાવ અને રાહત ટીમોને સજ્જ રાખવામાં આવી છે. ડીજી, શિપિંગ દ્વારા કોલકાતા અને પારાદીપના બંદરો પર નિયમિત એલર્ટ અને સલાહ મોકલવામાં આવી રહી છે. એમ/ઓ પાવર દ્વારા તાત્કાલિક વીજ પુનઃસ્થાપન માટે ઈમરજન્સી ટીમો તૈનાત કરવામાં આવી છે. કેન્દ્રીય એજન્સીઓ અને પશ્ચિમ બંગાળની સરકારની સજ્જતાનાં પગલાંની સમીક્ષા કરતાં કેબિનેટ સચિવે ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા તમામ જરૂરી નિવારણાત્મક અને સાવચેતીનાં પગલાં લેવામાં આવી શકે છે. તેનો ઉદ્દેશ્ય એ હોવો જોઈએ કે જાનહાનિને શૂન્ય પર રાખવી જોઈએ અને સંપત્તિ અને પાવર અને ટેલિકોમ જેવી માળખાગત સુવિધાઓને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડવું જોઈએ, અને જો નુકસાન થાય છે, તો આવશ્યક સેવાઓને ઓછામાં ઓછા સમયમાં પુનઃસ્થાપિત કરવી જોઈએ. કેબિનેટ સચિવે કહ્યું કે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે દરિયામાં માછીમારોને પાછા બોલાવવામાં આવે અને સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોને સમયસર સારી રીતે બહાર કાઢવામાં આવે. તેમણે પશ્ચિમ બંગાળની સરકારને ચક્રવાતી તોફાનથી પ્રભાવિત થવાની સંભાવનાવાળા વિસ્તારોમાં મોટા હોર્ડિંગ્સ લગાવવાની સમીક્ષા કરવા જણાવ્યું હતું. કેબિનેટ સચિવે પશ્ચિમ બંગાળ સરકારને ખાતરી આપી હતી કે તમામ કેન્દ્રીય એજન્સીઓ સંપૂર્ણ એલર્ટ પર છે અને તે સહાય માટે ઉપલબ્ધ રહેશે. આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ, કેન્દ્રીય ગૃહ સચિવ, ઊર્જા, ટેલિકોમ, બંદરોના શિપિંગ અને જળમાર્ગો, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સચિવો અને મત્સ્યપાલન વિભાગના સચિવો ઉપરાંત રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય સચિવ, સંકલિત સંરક્ષણ સ્ટાફના વડાથી માંડીને ચીફ ઓફ સ્ટાફ કમિટી (સીઆઈએસસી), ડિરેક્ટર જનરલ ઈન્ડિયા હવામાન વિભાગ, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિક્રિયા દળના મહાનિદેશક, ડિરેક્ટર જનરલ કોસ્ટ ગાર્ડ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એનએચપીસીને 'ધ ઇકોનોમિક ટાઇમ્સ એચઆર વર્લ્ડ ફ્યુચર રેડી ઓર્ગેનાઇઝેશન એવોર્ડ ૨૦૨૪-૨૫' એનાયત કરવામાં આવ્યો




ભારતની અગ્રણી હાઈડ્રોપાવર કંપની NHPC ને પ્રતિષ્ઠિત 'ધ ઈકોનોમિક ટાઈમ્સ એચઆર વર્લ્ડ ફ્યુચર રેડી ઓર્ગેનાઈઝેશન એવોર્ડ ૨૦૨૪-૨૫'થી નવાજવામાં આવી છે. કર્મચારીઓની અપસ્કિલિંગ, પર્યાવરણ, સામાજિક અને શાસન (ઈએસજી)ના હસ્તક્ષેપો, વિવિધતા, ઈક્વિટી અને સર્વસમાવેશકતા (ડીઈએન્ડઆઈ) ની પહેલો, સતત ટેકનોલોજીકલ અપગ્રેડેશન, કર્મચારી જોડાણ પ્રક્રિયાઓ, મજબૂત કોર્પોરેટ ગવર્નન્સ વ્યૂહરચનાઓ વગેરે જેવા ક્ષેત્રોમાં તેની સજ્જતાને માન્યતા આપવા માટે એનએચપીસીને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે, જે તેને તમામ હિતધારકો વચ્ચે વિશ્વસનીય બ્રાન્ડ તરીકે સ્થાપિત કરે છે. ૨૩ મે, ૨૦૨૪ના રોજ મુંબઈમાં આયોજિત એક ભવ્ય પુરસ્કાર સમારંભમાં એનએચપીસીના નિદેશક (કર્મચારી), શ્રી ઉત્તમલાલ, કાર્યકારી નિદેશક (એચઆર) શ્રી લુકાસ ગુરિયા અને એનએચપીસી અધિકારીઓની એક ટીમ દ્વારા આ પુરસ્કાર પ્રાપ્ત કરવામાં આવ્યો હતો.

kamalam daily newspaper-26-05-2024

# એનટીપીસીએ નાણાકીય વર્ષ ૨૪ના ઓડિટેડ પરિણામો જાહેર કર્યા; એનટીપીસી ગ્રૂપના ઈલેકિટ્રસિટી જનરેશનમાં ૬ ટકાનો વધારો, પીએટીમાં ૨૫ ટકાનો વધારો



નવીદિલ્હી,તા. ૨૫

૭૬,૦૧૫ મેગાવોટની સ્થાપિત જૂથ ક્ષમતા સાથે ભારતની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ પાવર યુટિલિટી એનટીપીસી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૨૪ મે, ૨૦૨૪ના રોજ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. એનટીપીસી ગ્રૂપે નાણાકીય વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીનું સૌથી વધુ વાર્ષિક વીજ ઉત્પાદન ૪૨૨ અબજ યુનિટ નોંધાવ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૩માં ૩૯૯ અબજ યુનિટ હતું, જે ૬ ટકાનો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં એનટીપીસીનું સ્ટેન્ડઅલોન ગ્રોસ જનરેશન ૩૬૨ અબજ યુનિટ હતું, જે અગાઉના વર્ષની ૩૪૪ અબજ યુનિટની સરખામણીએ ૫ ટકા વધ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન એનટીપીસીના કોલસા સ્ટેશનોએ રાષ્ટ્રીય સરેરાશ ૬૯.૪૯ ટકા તુલનાએ ૭૭.૨૫ ટકા પ્લાન્ટ લોડ ફેક્ટર હાંસલ કર્યું છે. સ્ટેન્ડઅલોન ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે એનટીપીસીની કુલ આવક ૧,૬૫,૭૦૭ કરોડ હતી, જે અગાઉના વર્ષની કુલ આવક ? ૧,૬૭,૭૨૪ કરોડ હતી. નાણાકીય વર્ષ ૨૪ માટે કરવેરા પછીનો નફો હતો ? ૧૮,૦૭૯ કરોડ રૂપિયા જેની સામે નાણાકીય વર્ષ ૨૩માં ૧૭,૧૯૭ કરોડ રૂપિયા હતો, જે ૫%નો વધારો દર્શાવે છે. કોન્સોલિડેટેડ ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે ગ્રૂપની કુલ આવક ૧,૮૧,૧૬૬ કરોડ હતી, જે અગાઉના વર્ષની કુલ આવક ૧,૭૭,૯૭૭ કરોડ હતી, જે ૨ ટકાનો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે જૂથનો કરવેરા પછીનો નફો હતો ૨૧,૩૩૨ કરોડ, જે અગાઉના વર્ષના પીએટી ૧૭,૧૨૧ કરોડ હતો જે ૨૪.૬૦ ટકાનો વધારો દર્શાવે છે. નાણાકીય વર્ષ ૨૪ માટે બોર્ડે આગામી વાર્ષિક સાધારણ સભામાં શેરધારકોની મંજૂરીને આધિન પ્રતિ ઈક્વિટી શેર ૩.૨૫ અંતિમ ડિવિડન્ડની ભલામણ કરી છે. નવેમ્બર ૨૦૨૩ અને ફેબ્રુઆરી ૨૦૨૪ના મહિનામાં રોકાણકારોને ઈક્વિટી શેર દીઠ ૪.૫૦ પ્રતિ ઈક્વિટી શેર વચગાળાનું ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું છે. વર્ષ દરમિયાન કુલ ડિવિડન્ડ ૭.૭૫ પ્રતિ ઈક્વિટી શેર હશે, જ્યારે ગત વર્ષે ? ૭.૨૫ પ્રતિ ઈક્વિટી શેર હતું. કંપની દ્વારા ડિવિડન્ડ ચુકવણીનું આ સતત ૩૧મું વર્ષ છે.

# ફેશન કોમ્યુનિકેશન, ફેશન મેનેજમેન્ટ અને એસેસરીઝ ડિઝાઈનના ગ્રેજ્યુએશન ૨૦૨૪ શોકેસ

ગાંધીનગર

NIFT ગાંધીનગરે ૨૪મી મે ૨૦૨૪ના રોજ NIFT ગાંધીનગર ખાતે એસેસરીઝ ડિઝાઈનના ગ્રેજ્યુએશન શો ફેસેટ્સ ૨૦૨૪, ફેશન કોમ્યુનિકેશનના આર્ટ ડાયમેન્શન્સ ૨૦૨૪ અને ફેશન મેનેજમેન્ટની બોટમ લાઈનનું આયોજન કર્યું હતું. સુશ્રી રૂપ રાશિ (IA&AS), ભારતના ટેક્સટાઈલ કમિશનર, આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગ્રેજ્યુએશન શો ડિસ્પ્લેનું ઉદ્‌ઘાટન કર્યું હતું જેમની સાથે શ્રી લલિત નારાયણ સિંહ સંધુ, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ., ડૉ. રાજુલ કે ગજ્જર, વાઈસ ચાન્સેલર, ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટી અને પ્રો. ડૉ. સમીર સૂદ, ડિરેક્ટર, NIFT ગાંધીનગર પણ હાજર હતા. પ્રો. ડૉ. સમીર સૂદ, ડાયરેક્ટર, NIFT ગાંધીનગર, સુશ્રી રૂપ રાશિ (IA&AS), ટેક્ષટાઈલ કમિશનર ઓફ ઈન્ડિયા અને શ્રી લલિત નારાયણ સિંહ સાંડુ, મેનેજિંગ ડિરેક્ટરના પ્રેરણાદાયી વક્તવ્યો દર્શાવતા ઉદ્‌ઘાટન સમારોહ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. મહેમાનોએ વિદ્યાર્થીઓની મહેનત અને સમર્પણને માન્યતા આપી હતી. તેઓએ અભ્યાસના અસંખ્ય કલાકો, સર્જનાત્મકતા અને દ્રઢતાનો સ્વીકાર કર્યો દરેક વિદ્યાર્થીએ તેમના શિક્ષણમાં રોકાણ કર્યું. તેમના પ્રવચનમાં, તેઓએ સ્નાતકોને તેમની સિદ્ધિઓ અને તેમના ઉજ્જવળ ભવિષ્યના મહત્વ પર પ્રકાશ પાડતા તેમની સિદ્ધિઓ બદલ અભિનંદન પાઠવ્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓની



સ્થિતિસ્થાપકતા અને નિશ્ચયની પ્રશંસા કરી, તેમને તેમના ભાવિ પ્રયાસોમાં શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કર્યા. પ્રો. ડૉ. સમીર સૂદે, ડાયરેક્ટર, NIFT ગાંધીનગર, પ્રેરક શબ્દો સાથે સ્નાતક વર્ગ ૨૦૨૪ને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જીવનમાં સતત પ્રયત્નોના મહત્વ પર ભાર મૂક્યો હતો અને દરેકને આળસને દૂર કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, જેને તેમણે પોતાની સંભવિતતા હાંસલ કરવામાં નોંધપાત્ર અવરોધ તરીકે વર્ણવ્યું હતું. સ્વામી વિવેકાનંદને ટાંકીને તેમણે કહ્યું, "ઊઠો, જાગો, અને જ્યાં સુધી ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રોકશો નહીં." તેમણે વધુમાં વિનંતી કરી, "ફરી એક વાર ઉભો થાઓ, કારણ કે ત્યાગ વિના કશું જ સિદ્ધ કરી શકાતું નથી અને તેમણે પ્રખ્યાત શબ્દો પણ ટાંક્યા છે. પુનરાવર્તિત અભ્યાસ દ્વારા, મૂર્ખ પણ ઋષિમાં પરિવર્તિત થઈ શકે છે, જેમ કૂવામાં દોરડાના ઘર્ષણથી પથ્થર કોતરવામાં આવે છે. તેવી જ રીતે, અત્યંત નિષ્ક્રિય મન પણ સતત પ્રયત્નોથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આમ, ચાવી સતત અભ્યાસ અને સમર્પણમાં રહેલી છે. ફેશન કોમ્યુનિકેશન, ફેશન એસેસરીઝ ડિઝાઈન અને ફેશન મેનેજમેન્ટ માટે નિફ્ટ ગાંધીનગર ખાતે પ્રદર્શિત ગ્રેજ્યુએશન શોકેસ ૨૦૨૪

## FACETS 2024

ફેશન અને લાઈફસ્ટાઈલ એસેસરીઝ વિભાગમાંથી પાંત્રીસ (૩૫) સ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ FACETS 2024માં તેમના ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. દરેક પ્રદર્શનમાં તેમની શૈક્ષણિક સિદ્ધિઓ, મક્કમતા, ઉત્સાહ અને ગુણવત્તા પ્રત્યે સમર્પણને માન આપીને તેમની સર્જનાત્મક કુશળતા, ધ્યેયો અને સિદ્ધિઓ કેપ્ચર કરવામાં આવી હતી. દરેક પ્રદર્શન, દાગીનાની વિસ્તૃત સુંદરતાથી લઈને UI/UX ડિઝાઈનના સરળ સમાવેશ સુધી, ઘરની સજાવટની ભવ્યતાથી લઈને આંતરીક લેન્ડસ્કેપ્સ, ફર્નિચર અને પ્રદર્શન ડિઝાઈનની હાર્મોનિક સિમ્ફની, પ્રાયોગિક રમકડાની ડિઝાઈન સુધી, એક સ્મારક તરીકે ઊભું હતું. સહાયક ડિઝાઈનના આ ગતિશીલ શિસ્તનું વૈવિધ્યસભર પાત્ર. તેઓએ ઝોયા, તનિષ્ક, બ્લુસ્ટોન, ફરાહ ખાન ફાઈન જ્વેલરી, હારિત ઝવેરી, નોવેલ જ્વેલ્સ, કેપી સંઘવી, કર્મા એન્ટરપ્રાઈઝ અને અન્ય જેવી જ્વેલરી બ્રાન્ડ્સ સાથે કામ કર્યું. વાલાયા હોમ્સ, ગાલા ગ્રૂપ અને બોઈંગ જેવી ડેકોર અને ઈન્ટિરિયર બ્રાન્ડ્સની સાથે, UI/UX સ્ટાર્ટઅપ્સમાં બ્લેક ટ્યૂલિપ અને ક્રિટ્સનમ ટેક્નોલોજિસનો સમાવેશ થાય છે. સ્માર્ટિવિટી અને મૂવિંગ પિક્સેલ્સ જેવા વ્યવસાયો સાથે રમકડાં અને પ્રદર્શન ડિઝાઈનમાં સર્જનાત્મક પ્રયાસો દ્વારા ડિઝાઈનના ક્ષેત્રોને વધુ વૈવિધ્યસભર બનાવવામાં આવ્યા હતા.

### બોટમલાઈન

બોટમ લાઈન એ ૨૦૨૨-૨૪માં માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ (MFM) ચોત્રીસ (૩૪) વિદ્યાર્થીઓ માટે પ્રીમિયર ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ શોકેસ છે. આ ઈવેન્ટ તેમની શૈક્ષણિક સિદ્ધિઓના શિખરને ચિહ્નિત કરે છે, જેમાં ગ્રાઉન્ડબ્રેકિંગ પ્રોજેક્ટ્સ દર્શાવવામાં આવ્યા છે જે વ્યૂહાત્મક વ્યવસાય કુશળતા સાથે સર્જનાત્મક ડિઝાઈનને એકીકૃત કરે છે. વિદ્યાર્થીઓની અસાધારણ પ્રતિભા અને આગળ-વિચારની દ્રષ્ટિને પ્રતિબિંબિત કરતી વિવિધ નવીન ફેશન વિભાવનાઓ અને બજાર વ્યૂહરચનાઓથી ઉપસ્થિત લોકો મોહિત થાય છે. વિદ્યાર્થીઓએ ફ્લિપકાર્ટ અને આદિત્ય બિરલા જેવી પ્રતિષ્ઠિત કંપનીઓ પાસેથી પ્રી-પ્લેસમેન્ટ ઑફર્સ મેળવી, જેમાં સૌથી વધુ પેકેજ 24 LPA સુધી પહોંચ્યું. પ્રતિષ્ઠિત પ્લેસમેન્ટ મેળવવામાં નોંધપાત્ર સિદ્ધિઓ ઉપરાંત, અમારા વિદ્યાર્થીઓએ તેમના ગ્રેજ્યુએશન પ્રોજેક્ટ્સ દરમિયાન આપેલા પ્રભાવશાળી યોગદાનની ઉજવણી કરવા યોગ્ય છે. મર્ચન્ડાઈઝિંગ, ખરીદી, માર્કેટિંગ, કેટેગરી મેનેજમેન્ટ, CRM અને વિવિધ વિભાગોમાં તેમની કુશળતા દ્વારા, અમારા વિદ્યાર્થીઓએ ઈમેલ ઝુંબેશ દ્વારા મોરતંત્ર માટે ૨૦,૭૯,૨૦૦ ની ઉત્કૃષ્ટ કુલ વેચાણ આવક ઊભી કરી. વધુમાં, અન્ય વિદ્યાર્થીઓના વ્યૂહાત્મક પ્રયાસોને કારણે રૂપાંતરણ દરમાં નોંધપાત્ર વધારો થયો, જે સ્મિતનની મેકઅપ શ્રેણી માટે તેને ૨.૫%થી વધારીને ૩.૫% કરવામાં આવ્યો, જે ફેશન ઉદ્યોગના ગતિશીલ લેન્ડસ્કેપમાં મૂર્ત પરિણામો લાવવાની ક્ષમતા દર્શાવે છે.

### કલાના પરિમાણો:

ફેશન કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ આર્ટ ડાયમેન્શન નામનું ગ્રેજ્યુએશન શોકેસ રજૂ કરી રહ્યું છે, જેમાં ૨૦૨૪ કોમ્યુનિકેશન બેચના ૩૯ સ્નાતક વિદ્યાર્થીઓને દર્શાવવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ, બ્રાંડિંગ, વિઝ્યુઅલ મર્ચન્ડાઈઝિંગ, સોશિયલ મીડિયા માર્કેટિંગ, કોમ્યુનિકેશન ડિઝાઈન, UI-UX અને વિઝ્યુઅલ ડિઝાઈન જેવી શાખાઓમાં ફેલાયેલા, વિદ્યાર્થીઓની પ્રતિભા અને નવીન વિચારસરણીનું પ્રદર્શન કરે છે, વિવિધ વ્યાવસાયિક ડોમેન્સમાં તેમની કુશળતા લાગુ કરવાની તેમની ક્ષમતા દર્શાવે છે.

# પોરબંદરમાં હિન્દુ મુંજાવર રાજેશ ફકીરાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા



અમદાવાદ

પોરબંદરમાં નાનો નાગરવાડામાં છેલ્લા ૩૦ વર્ષથી દોરા-ધાગા, ભભુતી આપી રોગ મટાડવાનો દાવો કરનાર હિન્દુ મુંજાવર રાજેશ ફકીરા ચામડીયાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે કિર્તીમંદિર પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૫૩ મો સફળ પર્દાફાશ કર્યો હતો. કબુલાતનામું આપી કાયમી કપટલીલા બંધની જાહેરાત કરી દીધી હતી. બનાવની વિગત પ્રમાણે વિજ્ઞાન જાથાના કાર્યાલયે હિન્દુ મુંજાવરના ધતિંગ સંબંધી ૧૦ થી વધુ લોકોએ માહિતી આપી તેમાં રાજેશ ફકીરાબાપુ છેલ્લા ૩૦ વર્ષથી ઘરમાં દેવી-દેવતા, હજરત મીરા દાતાર બાપુના ફોટાનું ધાર્મિક સ્થાનક બનાવી દર ગુરૂવાર, શુક્રવાર અને સામન્ય દિવસોમાં રાત્રિના ૯ થી ૧૨ સુધી દોરા-ધાગા, ભભુતી, પીરનું પાણી આપી જોવાનું કામ કરે છે. આખો પરિવાર આ દોરા-ધાગાની દુકાનમાં જોડાયેલો રહેલો છે. લોકોને બાધા-ટેક રખાવી અમુક વાર ભરવાનું કહી બોલાવે છે.

શ્રધ્ધાના નામે ખુલ્લી છેતરપિંડી કરે છે. બિમાર દર્દીઓની જીંદગી સાથે ખિલવાડ કરે છે. માનસિક બિમારી ભોગવતા દર્દીઓને અમાનુષી ત્રાસ આપે છે. પીડિતોને દવાખાને જતા બાધારૂપ કામ કરે છે. પડોશીના કહેવા મુજબ બાપુ રાજેશ કોઈપણ પ્રકારનો કામ-ધંધો કરતા નથી. મીરા દાતાર બાપુ ધ્યાન રાખે છે. ઉર્ષની ઉજવણી કરી લોકોમાં ભ્રામકતા ફેલાવે છે. વર્ષોથી જુની દિવાદાંડીની પાછળના વિસ્તારમાં ધાર્મિક સ્થાનમાં દોરા-ધાગાનો ધંધો કરે છે. રૂપિયા દસ હજારથી એક લાખની ટેક રખાવી આર્થિક પાયમાલી તરફ દોરી જાય છે. પીર બાપુ આવે ત્યરે શરીર ઉપર સાંકળ મારી લોકોને પ્રભાવિત કરે છે. પીડિતોને સારુ ન થાય તો શ્રધ્ધા-નસીબનું કારણ બતાવે છે. પરિવાર અને અમુક માથાભારે શખ્સોને કારણે છેતરાયેલા લોકો ફરિયાદ કરવાનું ટાળે છે. આ બાપુના કારણે મોડી સારવારના કારણે દર્દીઓ યાતનાઓ ભોગવે છે. રાજેશ ફકીરાના ધતિંગ બંધ કરાવવા માહિતીનો સ્તોત્ર આપ્યો હતો. જાથાના જયંત પંડયાએ માહિતીના આધારે ખરાઈ કરવા માટે બે વાર ડમી માણસોને મોકલતા તેમને પગનો દુઃખાવો, કોર્ટ કેસ, બેરોજગારીનું કારણમાં ભભુતીની ત્રણ પડીકી, પાણી, મોરપીંછ શરીર પર ઉતાર કર્યો હતો. અમુક દિવસો ભરવા અને કેસનો નિકાલ છ માસમાં થઈ જશે તેવું પીરના નામે બોલ્યા હતા. વાસ્તવમાં જાથાના ડમી માણસોને એકપણ પ્રકારની મુશ્કેલી ન હતી. તેથી બાપુની બોગસ વાત સાબિત થઈ હતી. પુરાવાના કારણે રાજેશ ફકીરાનું પર્દાફાશ કરવાનું નક્કી થયું હતું. જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ રાજયના મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓ, પોરબંદર જિલ્લા પોલીસ વડાને પત્ર લખી પર્દાફાશ સમયે પોલીસ બંદોબસ્તની માંગણી કરી હતી. જેનો સાનુકુળ જવાબ આપતા કિર્તીમંદિર પોલીસ સ્ટેશનને જરૂરી સુચના મોકલવામાં આવી હતી. પર્દાફાશનો માર્ગ મોકળો બની ગયો હતો. રાજકોટથી જાથાના જયંત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, રમેશ પરમાર સહિત કાર્યકરો પોરબંદર જવા રવાના થયા હતા. કિર્તીમંદિર પો. સ્ટેશનના ઈન્ચાર્જ પો.ઈન્સ. ને રૂબરૂ મળી હકિકતથી વાકેફ કરવામાં આવ્યા હતા. પોલીસ સ્ટાફ ફાળવી દીધો હતો. જાથાના ચેરમેન જયંત પંડયા, ટીમ સાથે પોલીસ સ્ટાફ બાપુ રાજેશ ફકીરાને નાનો નાગરવાડા પહોંચી ગયા. જયાં તેઓ આવેલા પીડિતોનું જોવાનું કામ કરતા હતા. તેમને પરિચય આપી દોરા-ધાગા, ભભુતી આપવાનું બંધ કરો, વગર ડિગ્રીએ ઉપચાર કરી શકતા નથી તેવી સમજ આપી પરંતુ રાજેશ ફકીરાએ હું ૩૦ વર્ષથી સફેદ, લાલ-લીલા દોરા આપું છું. પાણી, ભભુતી આપું છું. મારા શરીરમાં બે પ્રકારે ધુણું છું. ઉનાવાના હજરત મીરા દાતાર બાપુ આવે છે મોડી સારવાર મળે તે દર્દી મોતને ભેટે જવાબદારી કોની ? ધતિંગલીલા કરવાનું બંધ કરવાનું કહેતા માનતા ન હતા તેથી તેને પોલીસ સ્ટેશનને લાવવામાં આવ્યો. આસપાસ શેરીના લોકો જોવા ઉમટી પડયા હતા. તેની તરફદારી કરવા કોઈ આગળ આવ્યું ન હતું. હિન્દુ મુંજાવરની પ્રવૃતિથી રહીશો નારાજ હોવાનો અંદાજ થયો હતો. જાથાના પંડયાએ ફરિયાદી મહિલા હાજર હોય ગુન્હો દાખલ કરવો છે તેવું જણાવતા હાજર પોલીસ કયા પ્રકારનો ગુન્હો બને છે, લેખિતમાં આપો. જાથાએ ગુન્હા સંબંધી કલમો જણાવી અત્યારે જ ફરિયાદ દાખલ કરવી છે, બાદ પી.એસ.આઈ. સોલંકીએ આવીને મામલો સંભાળ્યો હતો. પી.એસ.આઈ. સોલંકીએ રાજેશ ફકીરાને ભભુતી આપી શકાય નહિ, પાણી કેમ આપો છો. કાયદાકિય સમજ આપી હતી. રાજેશ ફકીરા ઢીલાઢફ થઈ ગયા હતા. કબુલાતનામામાં સહી કરી કાયમી ભભુતી, દોરા-ધાગા આપવા, પાણી આપવાનું બંધની કાયમી જાહેરાત આપી દીધી. મામલો થાળે પડયો હતો. પોલીસ સ્ટેશને તેનો પરિવાર આવી પહોંચ્યો હતો. તેના સમર્થકો આવ્યા ન હતા. પોરબંદરમાં ૩૦ વર્ષથી ચાલતી ધતિંગ-કપટલીલા જાથાએ કાયમી બંધ કરાવી હતી. બાપુનું કબુલાતનામું સોશ્યલ મીડિયામાં શેર કરવામાં આવ્યું હતું. જાથાએ જિલ્લા પો. વડા, પોલીસ સ્ટેશનનો આભાર માન્યો હતો. અંતમાં રાજેશ ફીકરાથી પીડિત લોકો ફરિયાદ કરવા આગળ આવશે તો જાથા કાનુની મદદ કરશે. રાજયમાં દોરા-ધાગાની માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર કરવા જણાવાયું હતું.

kamalam daily newspaper-26-05-2024






ઉનાળા ની કાળઝાળ ગરમી માં રાહદારીઓ ને ગરમી માં રાહત મળે તે ઉદેશથી ઠંડી છાસ વિતરણ કરી માનવસેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. બોરસદ ભાજપ પરિવાર દ્વારા જન જાગૃતિ ફાઉન્ડેશન ના સહયોગથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં ઠંડી છાશ વિતરણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક અને બોરસદના ધારાસભ્યશ્રી રમણભાઈ સોલંકી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી મિહિરભાઈ પટેલ, જન જનજાગૃતિ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી રોકસિંહ, બોરસદ શહેર સંગઠન પ્રમુખશ્રી દિપકભાઈ પટેલ, બોરસદ શહેર અને તાલુકા સંગઠનના પદાધિકારીઓ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અત્યાર સુધી ૯ લાખથી વધુ લોકોએ ચારધામની મુલાકાત લીધી હતી, પર લોકોના મોત થયા






કેદારનાથ,તા. ૨૫

કમિશનર ગઢવાલે જણાવ્યા અનુસાર, ચારધામ યાત્રા ચાલુ છે. પાછલા વર્ષોની સરખામણીમાં ડુંગરાળ વિસ્તારોમાં આવેલા ચારેય ધામોમાં રેકોર્ડબ્રેક ભક્તો દર્શન કરી રહ્યા છે. ભીડને કારણે તંત્રમાં સમસ્યા છે, જ્યારે ચારધામ યાત્રા દરમિયાન અત્યાર સુધીમાં પર લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. હાલ ચારેય ધામોમાં યાત્રા સુચારૂ રીતે ચાલી રહી છે. મુસાફરીની વ્યવસ્થા સુધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રોકાવાની જગ્યાઓ પર વિશેષ સેક્ટર મેજિસ્ટ્રેટ તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે. સેક્ટર મેજિસ્ટ્રેટ દર બે કલાકે સ્વચ્છતા વ્યવસ્થાનો રિપોર્ટ મોકલશે. કમિશનર ગઢવાલે કહ્યું કે અત્યાર સુધીમાં ચારધામ યાત્રા માટે આવેલા પર શ્રદ્ધાળુઓના મોત થયા છે. જેમાં મોટાભાગના લોકોની ઉંમર ૬૦ વર્ષથી ઉપર છે. મોટાભાગના મૃત્યુ હાર્ટ એટેકના કારણે થયા છે. ગંગોત્રીમાં ૦૩, યમુનોત્રીમાં ૧૨, બદ્રીનાથમાં ૧૪ અને કેદારનાથમાં ૨૩ શ્રદ્ધાળુઓના મોત થયા છે. ભકતોની નિયમિત તપાસ કરવામાં આવી રહી છે. ડોકટરો દ્વારા તબીબી સારવાર અને દેખરેખ પછી, ઘણા શ્રદ્ધાળુઓને મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી રહી છે. તે પછી પણ જો કોઈ શ્રદ્ધાળુ યાત્રાએ જતા હોય તો તેને લેખિતમાં ફોર્મ ભરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગઢવાલ કમિશનરે કહ્યું કે ઉત્તરાખંડની અર્થવ્યવસ્થામાં તીર્થયાત્રા અને પર્યટનનું મહત્વનું યોગદાન છે. ચારધામ યાત્રા રાજ્યની અર્થવ્યવસ્થાને વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

કમિશનર ગઢવાલે કહ્યું કે ૧૦ મે, ૨૦૨૪ના રોજ શ્રી કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના દરવાજા અને ૧૨ મેના રોજ શ્રી બદ્રીનાથના દ્વાર ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. ત્યારથી ૨૩ મે ૨૦૨૪ સુધીમાં કુલ ૦૯ લાખ ૬૭ હજાર ૩૦૨ ભકતોએ ચાર ધામના દર્શન કર્યા છે. ૦૧ લાખ ૭૯ હજાર ૯૩૨ શ્રદ્ધાળુઓએ યમુનોત્રી ધામ, ૦૧ લાખ ૬૬ હજાર ૧૯૧ ગંગોત્રી ધામમાં, ૦૪ લાખ ૨૪ હજાર ૨૪૨ શ્રી કેદારનાથમાં અને ૦૧ લાખ ૯૬ હજાર ૯૩૭ શ્રદ્ધાળુઓએ બદ્રીનાથ ધામના દર્શન કર્યા છે. અગાઉના વર્ષોની સરખામણીએ આ વર્ષે પ્રથમ પખવાડિયામાં ભક્તોની સંખ્યા લગભગ બમણી છે. ગઢવાલ કમિશનરે કહ્યું કે ચારધામ યાત્રામાં ભીડ વ્યવસ્થાપન માટે જરૂર પડશે ત્યારે જ એનડીઆરએફ અને આઈટીબીપીની મદદ લેવામાં આવશે. કમિશનર ગઢવાલે વધુમાં જણાવ્યું હતું કે, ચારધામ યાત્રાના શરૂઆતના દિવસોમાં શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો હતો અને ટ્રાફિક જામની સમસ્યા પણ ઊભી થઈ હતી. કેટલાક કિસ્સાઓ એવા પણ જોવા મળ્યા હતા જેમાં યાત્રિકો પાછળથી દર્શન માટે નોંધાયેલા હતા, પરંતુ તેઓએ યાત્રા પહેલા શરૂ કરી હતી. નકલી નોંધણીની કેટલીક ફરિયાદો પણ મળી હતી, આ સંદર્ભમાં ઋષિકેશમાં વિવિધ ટૂર ઓપરેટરો સામે ત્રણ એફઆઈઆર નોંધવામાં આવી હતી, હરિદ્વારમાં ૦૧ અને રુદ્રપ્રયાગમાં ૦૯. ખૂબ જ કડક સૂચના આપવામાં આવી છે કે કોઈ પણ સંજોગોમાં નોંધણી વિના અને નોંધણીની નિયત તારીખ પહેલાં મુસાફરીને મંજૂરી આપવામાં આવશે નહીં. વધુમાં કમિશનર ગઢવાલે માહિતી આપતા કહ્યું હતું કે, શ્રી કેદારનાથ જતી વખતે હેલિકોપ્ટરની હાઈડ્રોલિક સિસ્ટમમાં ટેકનિકલ સમસ્યા હતી, પાઈલટની સમજદારીને કારણે તેણે સોફ્ટ લેન્ડિંગ કરાવ્યું હતું. તમિલનાડુના ૦૬ મુસાફરો હતા, બધા સુરક્ષિત છે. યુકાડા આ સમગ્ર મામલે આગોતરી કાર્યવાહી કરી રહી છે. યુકાડાએ આ સમગ્ર ઘટનાની જાણ ડીજીસીએ ને કરી છે.

# ડીઆરઆઈએ સોનાની દાણચોરી કરતી સિન્ડીકેટનો ભાંડો ફોડ્યો, ૭.૭૫ કરોડની કિંમતનું ૧૦.૩૨ કિલો સોનું જપ્ત કર્યું, ૧૦ની ધરપકડ




સોનાની દાણચોરી પર મોટી કાર્યવાહી કરતાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના અધિકારીઓએ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીકની એક હોટલમાંથી ચાલતી સોનાની દાણચોરીની સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો.આ કાર્યવાહી દરમિયાન ડીઆરઆઈએ ૭.૭૫ કરોડ રૂપિયાની કિંમતનું ૨૪ કેરેટ શુદ્ધતાનું કુલ ૧૦.૩૨ કિલોગ્રામ (કિલો) સોનું જપ્ત કર્યું છે. વિશિષ્ટ ગુપ્ત જાણકારીના આધારે, ડીઆરઆઈના અધિકારીઓએ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (એસવીપીઆઈ) પર અબુધાબીથી આવેલા બે મુસાફરો અને તેમને આવકારવા માટે એરપોર્ટ પર આવેલી અન્ય બે વ્યક્તિઓનો સાવધાનીથી પીછો કર્યો. ડીઆરઆઈના અધિકારીઓએ અમદાવાદ એરપોર્ટ વિસ્તાર નજીકની એક હોટલ પાસે મુસાફરો અને રિસીવરોને રોક્યા. મુસાફરોની અંગત તલાશી લેતાં તેમના અંડરગાર્મેન્ટ્સમાં સંતાડેલી ૩૫૯૬.૩૬ ગ્રામ વિદેશી બનાવટના દાણચોરીની સોનાની પેસ્ટ મળી આવી હતી.

સ્થિતિ પર પ્રતિક્રિયા કરતા ડીઆરઆઈ અધિકારીઓની ટીમે હોટલમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું જ્યાં સિન્ડિકેટના અન્ય સભ્યો રોકાયા હોવાનું જાણવા મળ્યું હતું. સઘન પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, સિન્ડિકેટના અન્ય એક સભ્ય દ્વારા દાણચોરી કરીને લાવવામાં આવેલી સોનાની પેસ્ટ મેળવ્યા બાદ એક વ્યક્તિ અમદાવાદથી નીકળી ચૂક્યો હતો, જે વહેલી સવારની ફ્લાઈટમાં આવ્યો હતો અને વંદે ભારત એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ જઈ રહ્યો હતો. ડીઆરઆઈના અધિકારીઓએ બોરીવલી સ્ટેશન પર તે વ્યક્તિને અટકાવ્યો હતો. તેની પાસેથી પેસ્ટ સ્વરૂપે ૨,૫૫૧.૦૦૦ ગ્રામ સોનું મળી આવ્યું હતું. પૂછપરછ દરમિયાન મળેલી જાણકારીના આધારે ડીઆરઆઈના અધિકારીઓએ આ જ સિન્ડિકેટના અન્ય એક મુસાફરને અટકાવ્યો હતો, જે એસવીપીઆઈ એરપોર્ટ, અમદાવાદ ખાતે દુબઈથી આવી રહ્યો હતો, જેના પરિણામે ૫.૫ કિલો સોનાની વધુ પેસ્ટ મળી આવી હતી. કુલ જપ્તીમાં ૧૦.૩૨ કિલો સોનું છે, જેની કિંમત ૭.૭૫ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે. પકડાયેલા મુસાફરો અને સિન્ડિકેટ સભ્યોએ દુબઈ / અબુધાબીથી સોનાની પેસ્ટની દાણચોરી કરીને અમદાવાદમાં તેમના હેન્ડલરને પહોંચાડવાની કબૂલાત કરી હતી. દાણચોરીમાં સક્રિય રીતે સંકળાયેલા મુખ્ય હેન્ડલર સહિત તમામ દસ સભ્યોની ડીઆરઆઈ દ્વારા કસ્ટમ્સ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. જે મોડસ ઓપરેન્ડી મળી આવી છે તેમાં અમદાવાદ એરપોર્ટ પરથી પસાર થતી ચેન્નાઈની એક ગોલ્ડ કેરિયર ગેંગનો સમાવેશ થાય છે. સિન્ડિકેટના સભ્યોએ 'કેરિયર્સ' તરીકે કામ કરતા તામિલનાડુના વિવિધ વ્યક્તિઓ મારફતે વિદેશી મૂળના સોનાની પેસ્ટની દાણચોરી કરી હતી. નજીકની એક હોટેલમાં એક હેન્ડલર દાણચોરીનો સામાન મેળવતો હતો અને તરત જ આ સોનાને મુંબઈ, ચેન્નાઈ અને અન્ય સ્ટેશનો પર લઈ જવા માટે બીજી વ્યક્તિની ગોઠવણી કરતો હતો. તપાસથી જાણમાં આવે છે કે સિન્ડિકેટ છેલ્લા ચાર મહિનાથી સક્રિય હતી. ડીઆરઆઈ અમદાવાદ દ્વારા કરવામાં આવેલી આ નોંધપાત્ર જપ્તી ગેરકાયદેસર સોનાની દાણચોરી સામે લડવાની અને ભારતના આર્થિક હિતોની સુરક્ષા માટેની તેમની અવિરત પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

# રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પરિવારજનો સાથે હરિયાણાના કુરુક્ષેત્રના મિર્ઝાપુરમાં મતદાન કર્યું

## રાષ્ટ્રના નિર્માણ, ઉત્થાન, કલ્યાણ અને સર્વાંગીણ વિકાસ માટે તમારા મતનો અવશ્ય ઉપયોગ કરો : આચાર્ય દેવવ્રતજી



રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ લોકતંત્રના મહાપર્વમાં એક નાગરિકતરીકેના પોતાના કર્તવ્યોનું પાલન કરતાં આજે પરિવારજનો સાથે હરિયાણાના કુરુક્ષેત્રના મિર્ઝાપુરમાં સરકારી પ્રાથમિક શાળામાં બુથ નંબર ૧૫૭માં મતદાન કર્યું હતું. લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં આજે હરિયાણામાં મતદાન થઈ રહ્યું છે. મતદાન મથકમાંથી બહાર આવીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારતના સંવિધાને પ્રત્યેક વયસ્કભારતીયને મત આપવાનો અધિકાર આપ્યો છે. એટલે આપણું નૈતિક કર્તવ્ય છે કે, રાષ્ટ્ર નિર્માણ માટે, રાષ્ટ્રના ઉત્થાન માટે, કલ્યાણ માટે, સર્વાંગીણ વિકાસ માટે મતનો અવશ્ય ઉપયોગ કરીએ. તેમણે કહ્યું કે, જીવનમાં અનેક કામો આપણી અગ્રતાના હોય છે. પરંતુ મતદાનના દિવસે અગત્યના અનેક કામો છોડીને પણ નાગરિક તરીકેના કર્તવ્યનું પાલન કરતાં અવશ્ય મતદાન કરવું જોઈએ. હું પણ મતદાન માટે જ આજે ગુજરાતથી અહીં હરિયાણા આવ્યો છું. આવો, લોકશાહીના આ મહાપર્વમાં ભાગ લો અને નાગરિક તરીકેની જવાબદારીઓનું પાલન કરો.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028

kamalam daily newspaper-26-05-2024